અપીલ અરજી નં.૨૭૦ તા.૧૩–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સી.જી.પરમાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સી.જી.પરમારની તા. ૬–૮–૧૧ની અરજીથી પ્લોટ નં. ૨૦૬ રોડ નં. ૬/એફ ન્યુ ફંકશનલ એસ્ટેટ ઉધના ઉદ્યોગનગર ખાતેની મિલ્કતમાં કરવામાં આવેલ બાંધકામની કાયદેસરતા કેટલી ? સદર મિલ્કતધારકે આપના વિભાગની વિકાસ પરવાનગી મેળવેલ છે કે કેમ ? જો હા તો રજાચિઠ્ઠીની નકલ આપવી અને જો ના તો આપના વિભાગે સદર મિલ્કતધારક વિરુધ્ધ આજદિન સુધીમાં શું શું કાર્યવાહી કરી ? નોટીસ આપેલ હોય તો નોટીસની નકલ આપવી સદર મિલ્કત (પ્લોટ) ના ક્ષેત્રફળ પ્રમાણે બિલ્ટપ એરિયા, કેટલા ચોરસ ફૂટ થાય છે ? હાલમાં આ પ્લોટમાં કુલ કેટલા ફૂટ માર્જીનની જગ્યામાં બાંધકામ કરેલ છે ? વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૦/૨૦૧૧–૧૨

શ્રી સી.જી.પરમારની તા. ૬–૮–૧૧ની અરજીથી પ્લોટ નં. ૨૦૬ રોડ નં. ૬/એફ ન્યુ ફંકશનલ એસ્ટેટ ઉધના ઉદ્યોગનગર ખાતેની મિલ્કતમાં કરવામાં આવેલ બાંધકામની કાયદેસરતા કેટલી ? સદર મિલ્કતધારકે આપના વિભાગની વિકાસ પરવાનગી મેળવેલ છે કે કેમ ? જો હા તો રજાચિઠ્ઠીની નકલ આપવી અને જો ના તો આપના વિભાગે સદર મિલ્કતધારક વિરુધ્ધ આજદિન સુધીમાં શું શું કાર્યવાહી કરી ? નોટીસ આપેલ હોય તો નોટીસની નકલ આપવી સદર મિલ્કત (પ્લોટ) ના ક્ષેત્રફળ પ્રમાણે બિલ્ટપ એરિયા, કેટલા ચોરસ ફૂટ થાય છે ? હાલમાં આ પ્લોટમાં કુલ કેટલા ફૂટ માર્જીનની જગ્યામાં બાંધકામ કરેલ છે ? વિ. માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૩– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૯ તા.૨૭–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૬–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય કે માહિતી ન મળવાથી તા.૧૩–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સી.જી.પરમાર